TAT : મુખ્ય પરીક્ષા : પેપર-1 ભાષાક્ષમતા (ગુજરાતી)

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષકની પરીક્ષા માટે.

લેટેસ્ટ

અક્ષર

TAT : મુખ્ય પરીક્ષા ગુજરાતી

(વર્ણનાત્મક)

ભાષાઓ - ગણિત - વિજ્ઞાન અને
સામાજિક વિજ્ઞાનના વિષયો માટે



લેખક/સંપાદન :-

પ્રા. ડૉ. બી. સી. રાઠોડ

M.A., M.Phil., Ph.D.

ડાયરેક્ટર, અક્ષર અકાદમી.

403, 404, 405, શાલીન સેન્ટ્રમ, ચોથો માળ,
પંટ્રોલ પંપની પાછળ, સેક્ટર-11, ગાંધીનગર.



વિશેષતા :-

- નવા અભ્યાસક્રમ મુજબ અદ્યતન આવૃત્તિ
- અભ્યાસક્રમના તમામ મુદ્દાઓને આવરી લેતું એકમાત્ર પુસ્તક
- વર્ણનાત્મક ટોપિકની સમજૂતી - નમૂનાના જવાબો સહિત
- વ્યાકરણની સંપૂર્ણ સમજ સ્વાધ્યાય સહિત

અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પૃષ્ઠ નં.
1	નિબંધ	1-54
2	સારલેખન	55-73
3	પત્રલેખન	74-83
4	ચર્ચાપત્ર	84-97
5	વ્યાકરણ	98-252
	રૂઢિપ્રયોગોનો અર્થ અને વાક્યપ્રયોગ 98	
	કહેવતો અને તેનો અર્થ 117	
	સમાસ 125	
	છંદ 155	
	અલંકાર 167	
	શબ્દસમૂહ માટે એક શબ્દ 186	
	જોડણીશુદ્ધિ (જોડણીના નિયમો) 199	
	લેખનશુદ્ધિ/ભાષાશુદ્ધિ 221	
	સંધિ – છોડો કે જોડો 230	
	વાક્યરચનાના અંગો/વાક્યના પ્રકાર/વાક્ય પરિવર્તન 241	

1 નિબંધ

- **ભૂમિકા :**

→ નિબંધ લખવો એ અઘરું કામ છે એમ ભલે કવિ નર્મદે કહ્યું હોય, પણ વિવિધ માધ્યમોની મદદથી અભિવ્યક્તિની પરિપક્વતા પામેલો આજનો વિદ્યાર્થી આસપાસના જગતને જે સૂક્ષ્મ નજરે જુએ છે, એને અંગે મનન કરે છે, અને પછી અંકોડાબદ્ધ રીતે રજૂઆત કરે છે એ 'ત્રીજા નેત્રની પ્રસાદી' જ ગણાય.

→ સામાન્ય માનવીની પાસે તો બે જ નજર હોય છે. પણ આવો વિદ્યાર્થી પોતાનું કલ્પના રૂપી ત્રીજું નેત્ર ખોલી પોતાના દર્શન-મનનને વાગોળી, વાચન-શ્રવણ-દર્શન-અભ્યાસથી નિબંધલેખનની કલા સિદ્ધ કરે છે.

- **'નિબંધ' શબ્દનો અર્થ :**

→ 'નિબંધ' શબ્દ બે શબ્દનો બનેલો છે.

→ 'નિ + બંધ'માં 'બંધ' અર્થાત્ 'બાંધવું', 'રચવું'. અને એ શબ્દ આગળ - પૂર્વ પ્રત્યય 'નિ' લાગીને 'નિબંધ' બને છે.

→ બંધન વગર કોઇ એક વિષય ઉપર વિચારણા નિબંધમાં થાય છે. અલબત્ત, નિબંધને એના વિષયનું બંધન તો હોય જ છે.

- **નિબંધ એટલે શું ? :**

→ નિબંધમાં વિચારોની ક્રમબદ્ધ બાંધણી, ગોઠવણી કે રચના હોય છે.

→ 'નિબંધ' શબ્દ માટે ગુજરાતી ભાષામાં પર્યાયવાચી શબ્દ નથી પણ અંગ્રેજીમાં એને માટે બે પર્યાય મળે છે. 'Essay' અને Composition.

→ એમાં 'Essay' શબ્દ વધુ પ્રચલિત છે. પણ વધુ બંધબેસતો શબ્દ 'Composition' લાગે છે.

→ 'Composition' એટલે વ્યવસ્થિત ગોઠવવું કે રચવું - એ અર્થ નિબંધ માટે વધુ બંધ બેસે છે.

→ વિચારોની રજૂઆત જેટલી મુદ્દાસર, ક્રમબદ્ધ કે વ્યવસ્થિત હોય એટલો નિબંધ સંતર્પક બને છે.

- **નિબંધનું બાહ્ય માળખું :**

→ નિબંધનું બાહ્ય સ્વરૂપ પ્રથમ દૃષ્ટિએ ત્રણ ભાગમાં વહેંચાઇ જાય છે.

→ આરંભ, મધ્ય અને અંત..

(1) **આરંભ :**

→ નિબંધમાં લેખનની ભૂમિકા બાંધવાની હોવાથી ઇમારતના પાયાની જેમ નિબંધનો આરંભ અસરકારક હોવો જોઇએ.

→ આરંભ જેટલો સુંદર, સ્પષ્ટ અને આકર્ષક હોય તેટલો સામી વ્યક્તિને આકર્ષી શકે છે. પ્રભાવિત કરી શકે છે.

→ નિબંધનો આરંભ કોઇ કાવ્યપંક્તિ કે પ્રસંગ દ્વારા થાય તો લખાણની પૂર્વભૂમિકા મજબૂત બને છે.

→ વળી આરંભમાં વિષયનો પરિચય કે પ્રવેશની વિગતો આપવાથી લખાણની ભૂમિકા અસરકારક બને છે.

(2) **મધ્યભાગ :**

→ નિબંધના મધ્યભાગમાં વિષય પ્રવેશને સુસંગત હોય એવા એક પછી એક વિચારની ક્રમબદ્ધ રજૂઆત કરવાની હોય છે.

→ દરેક વિચારને એક ફકરામાં આઠ દસ લીટીમાં સમજાવવો જોઇએ.

→ નિબંધની મુખ્ય રજૂઆત અસ્તવ્યસ્ત ન હોય તો જ એ અસરકારક બને અને માટે જ નિબંધમાં વિચારો ક્રમબદ્ધ અભિવ્યક્તિ અનિવાર્ય છે.

→ એક વિચારમાંથી બીજો વિચાર અંકોડાબદ્ધ રીતે પ્રગટ થાય અને એમાં સહજતા, સ્વાભાવિકતા પણ જળવાય તો જ નિબંધ વાચનક્ષમ બની શકે.

(3) **અંત :**

→ નિબંધનો અંત અણધાર્યો કે ઉભડક લાગે તેવો કે પછી અપૂર્ણ જણાય એવો ન હોવો જોઇએ.

→ કારણ કે એવું થવાથી આખા નિબંધની અસર મારી જાય છે.